# આર્જેન્ટિના-સ્પેન વચ્ચે ખિતાબી જંગ




**મેસી** અને યામેલ વચ્ચે જોવા મળશે રસપ્રદ મુકાબલો

**કમબેક** કિંગ આર્જેન્ટિના સામે સ્પેનના કંટ્રોલ અને પાસિંગ ગેમનો અસલી ટેસ્ટ

ન્યૂયોર્ક, તા. 18: ફીફા વિશ્વકપ ૨૦૨૬ના સૌથી મોટા ખિતાબ માટે રવિવારે મેટલાઈફ સ્ટેડિયમમાં સ્પેન અને આર્જેન્ટિના વચ્ચે મહાસંગ્રામ ખેલાશે. આ મુકાબલો માત્ર બે ચેમ્પિયન ટીમો વચ્ચેનો જ નથી, પરંતુ ફૂટબોલના વર્તમાન અને ભવિષ્ય વચ્ચેનો જંગ છે. આ મેચમાં 39 વર્ષના લિયોનલ મેસીનો સામનો 19 વર્ષના યુવા લામિન યામેલ સામે થશે. સ્પેનની ટીમ પોતાના ઈતિહાસમાં બીજી વખત ટૂર્નામેન્ટ જીતવાના ઈરાદા સાથે ઉતરશે, જ્યારે આર્જેન્ટિના વર્ષ ૨૦૨૨નો પોતાનો ખિતાબ બચાવવા અને ચોથી વખત ચેમ્પિયન બનવા માટે મેદાનમાં ઉતરશે. 1958 અને 1962માં બ્રાઝિલે સતત બે વખત વર્લ્ડકપ જીત્યો હતો ત્યારબાદ સતત બે વાર વિશ્વકપ જીતનારી પ્રથમ ટીમ બનવાની આર્જેન્ટિના પાસે સોનેરી તક છે.

**બંને ટીમોની રમતની શૈલી:**

આ મુકાબલામાં રમતની બે તદ્દન અલગ શૈલીઓ વચ્ચે ટક્કર જોવા મળશે. સ્પેનની રમત સંપૂર્ણ નિયંત્રણ, તાલમેલ અને શોર્ટ પાસિંગ પર આધારિત છે. આ ટૂર્નામેન્ટમાં સ્પેને સરેરાશ ૬૩.૭ ટકા સમય બોલ પોતાના કબજામાં રાખ્યો છે, જે વિરોધી ટીમને થકવી નાખે છે. સામે પક્ષે આર્જેન્ટિનાની ટીમ લડાયક મિજાજ અને ક્યારેય હાર ન માનવાના વલણ માટે જાણીતી છે. આર્જેન્ટિનાની ટીમ આ ટૂર્નામેન્ટમાં 'કમબેક કિંગ' સાબિત થઈ છે. તેણે પોતાના 19 ગોલમાંથી 12 ગોલ મેચની 75મી મિનિટ પછી કર્યા છે. ઓસ્ટ્રિયા, જૉર્ડન, કેપ વર્ડે, મિસ્ર, સ્વિટ્ઝરલેન્ડ અને ઈંગ્લેન્ડ સામે આર્જેન્ટિનાએ મેચની છેલ્લી મિનિટોમાં ગોલ કરીને અદ્ભુત વાપસી કરી છે.

## બંને ટીમોના સ્ટાર ખેલાડીઓ:

આર્જેન્ટિના માટે આ ટૂર્નામેન્ટ ફરી એકવાર સંપૂર્ણપણે લિયોનલ મેસીના નામે રહી છે. મેસી આઠ ગોલ સાથે ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ છે. ટીમના 19 ગોલમાંથી 12 ગોલ કાં તો મેસીએ કર્યા છે અથવા તેમાં આસિસ્ટ કર્યો છે. 39 વર્ષની ઉંમરે મેસી મોટાભાગનો સમય મેદાન પર ચાલીને વિરોધીઓનું ધ્યાન ભટકાવે છે અને મોકો મળતા જ આક્રમણ કરે છે. સ્પેન માટે લામિન યામલ આક્રમણમાં ચમકારો લાવી રહ્યો છે, પરંતુ રોડ્રી તેમનો સૌથી મહત્વનો ખેલાડી છે. માન્ચેસ્ટર સિટીનો આ મિડફિલ્ડર દબાણની પરિસ્થિતિમાં પણ શાંત રહીને રમતને નિયંત્રિત કરે છે. રોડ્રીએ આ ટૂર્નામેન્ટમાં દબાણ હેઠળ સૌથી વધુ પાસ પૂરા કર્યા છે અને ડિફેન્સમાં પણ આખી ટીમનો પાયો મજબૂત રાખ્યો છે.

## કેનેડાના જંગલોની આગના ધુમાડા વચ્ચે પણ ફાઇનલ મેટલાઇફ સ્ટેડિયમમાં જ રમાશે

કેનેડાના જંગલોમાં લાગેલી ભીષણ આગના ધુમાડાને કારણે ન્યૂયોર્ક અને ન્યુ જર્સીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. ગરમી અને પ્રદૂષિત હવાના કારણે સ્વાસ્થ્ય માટે ગંભીર ચેતવણીઓ જારી કરવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે ફીફા અને વ્હાઇટ હાઉસની વર્લ્ડકપ ટાસ્ક ફોર્સના વડા એન્ડ્રુ ગિઆઉલિયાની વચ્ચે કટોકટીની ચર્ચા થઈ હતી. જોકે, અહેવાલો અનુસાર સ્પેન અને આર્જેન્ટિના વચ્ચેની આ ફાઇનલ મેચ અન્ય કોઈ સ્થળે ખસેડવાની ફીફાની કોઈ યોજના નથી. 80,000ની ક્ષમતા ધરાવતા ઓપન-એર મેટલાઇફ સ્ટેડિયમમાં જ મેચ નિર્ધારિત સમયે રમાશે, જ્યારે અન્ય 50,000 ફેન્સ સેન્ટ્રલ પાર્કથી મેચ નિહાળશે.

## હેડ ટુ હેડ રેકોર્ડ:

બંને ટીમો વચ્ચેનો ઇતિહાસ ખૂબ જ રોમાંચક રહ્યો છે. ફૂટબોલ ઇતિહાસના આ બે દિગ્ગજો વચ્ચે અત્યાર સુધી કુલ 14 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જેમાં બંનેનો રેકોર્ડ એક સરખો છે. બંને ટીમોએ 6-6 મેચ જીતી છે અને 2 મેચ ડ્રો રહી છે. વિશ્વકપના ઇતિહાસમાં બંને ટીમો માત્ર એક જ વાર 1966માં આમને-સામને આવી હતી, જેમાં આર્જેન્ટિના 2-1થી જીત્યું હતું. છેલ્લે 2018માં રમાયેલી ફ્રેન્ડલી મેચમાં સ્પેને આર્જેન્ટિનાને 6-1થી હરાવ્યું હતું. આર્જેન્ટિના 3 વખત (1978, 1986, 2022) વર્લ્ડકપ જીતી ચૂક્યું છે, જ્યારે સ્પેન 1 વાર (2010) ચેમ્પિયન બન્યું છે.

### સ્પેન વિરૂદ્ધ આર્જેન્ટિના

| | |
|---|---|
| કુલ મેચ | 14 |
| સ્પેનની જીત | 6 |
| આર્જેન્ટિનાની જીત | 6 |
| ડ્રો મેચ | 2 |

### બંને ટીમો વચ્ચે છેલ્લી 5 ફ્રેન્ડલી મેચોના પરિણામો:

| | | |
|---|---|---|
| માર્ચ 2018 | સ્પેન 6-1 થી જીત્યું | (આર્જેન્ટિના સામે) |
| સપ્ટેમ્બર 2010 | આર્જેન્ટિના 4-1 થી જીત્યું | (સ્પેન સામે) |
| નવેમ્બર 2009 | સ્પેન 2-1 થી જીત્યું | (આર્જેન્ટિના સામે) |
| ઓક્ટોબર 2006 | સ્પેન 2-1 થી જીત્યું | (આર્જેન્ટિના સામે) |
| નવેમ્બર 1999 | આર્જેન્ટિના 2-0 થી જીત્યું | (સ્પેન સામે) |

## બંને ટીમોની રોડ ટુ ફાઇનલ:

**સ્પેનની ફાઇનલ સુધીની સફર:**

સ્પેનની ટીમે ફાઇનલ સુધી પહોંચવા માટે કુલ 6 મેચમાં જીત મેળવી છે અને 1 મેચ ડ્રો રહી છે. આ ટૂર્નામેન્ટમાં સ્પેને કુલ 13 ગોલ કર્યા છે અને માત્ર 1 ગોલ ખાધો છે, જે દર્શાવે છે કે તેમનું ડિફેન્સ કેટલું મજબૂત છે.

**ગ્રુપ સ્ટેજ:**

| | |
|---|---|
| કેપ વર્ડે સામે | 0-0 થી ડ્રો |
| સાઉદી અરબ સામે | 4-0 થી જીત |
| ઉરુગ્વે સામે | 1-0 થી જીત |

**નોકઆઉટ સ્ટેજ:**

| | |
|---|---|
| ઓસ્ટ્રિયા સામે | 3-0થી જીત |
| પોર્ટુગલ સામે | 1-0થી જીત |
| બેલ્જિયમ સામે | 2-1થી જીત |

સેમિફાઇનલ: ફ્રાન્સ સામે 2-0થી જીત

### આર્જેન્ટિનાની ફાઇનલ સુધીની સફર:

વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિના પોતાના તમામ 7 મુકાબલા જીતીને ફાઇનલમાં પહોંચ્યું છે. આર્જેન્ટિનાએ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ 19 ગોલ કર્યા છે અને 7 ગોલ ખાધા છે, જે તેમનું આક્રમણ કેટલું શક્તિશાળી છે તે સાબિત કરે છે.
સેમિફાઇનલ: ઈંગ્લેન્ડ સામે 2-1થી જીત

**ગ્રુપ સ્ટેજ:**

| | |
|---|---|
| અલ્જીરિયા સામે | 3-0થી જીત |
| ઓસ્ટ્રિયા સામે | 2-0થી જીત |
| જોર્ડન સામે | 3-1થી જીત |

**નોકઆઉટ સ્ટેજ:**

| | |
|---|---|
| કેપ વર્ડે સામે | 3-2થી જીત |
| મિસ્ર સામે | 3-2થી જીત |
| સ્વિટ્ઝરલેન્ડ સામે | 3-1થી જીત |

# ક્રિકેટના સર્વકાલીન મહાનતમ ખેલાડી સોબર્સ હવે નથી રહ્યા

**ક્રિકેટના** મેદાન પર એવું કશું જ ન હતું જે ગેરી સોબર્સ ન કરી શકે, તેઓ ખરેખર ક્રિકેટના અસલી ભગવાન હતા

જો મુહમ્મદ અલી અત્યાર સુધીના સૌથી મહાન બોક્સર હતા અને પેલે સૌથી મહાન ફૂટબોલર હતા, તો સર ગારફિલ્ડ સોબર્સ આ પૃથ્વી પર ચાલનારા અત્યાર સુધીના સૌથી મહાન ક્રિકેટર છે. હું અગાઉના સમયના એ ખેલાડીઓ પ્રત્યે અત્યંત આદર અને નમ્રતા સાથે આ વિધાન કરી રહ્યો છું, જેમને જોવાનું સદભાગ્ય મને નથી મળ્યું, પરંતુ મને પૂરો ભરોસો છે કે બહુ ઓછા લોકો, અને કદાચ કોઈ પણ નહીં, અહીં વ્યક્ત થયેલી લાગણીઓનો વિરોધ કરશે.

હજી માંડ 10 દિવસ પહેલાં જ મને 28 જુલાઈના રોજ સર ગારફિલ્ડના 90મા જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા આપતો એક વીડિયો બનાવવાનું કહેવામાં આવ્યું હતું. આવું કરવું મારા માટે સન્માન અને ગૌરવની વાત હતી અને મેં બે દિવસ પછી તે મોકલી પણ આપ્યો હતો, પરંતુ દુઃખની વાત એ છે કે તેઓ તે જોવા માટે તેમજ વિશ્વભરના સાથી ક્રિકેટરોના અન્ય સેંકડો શુભેચ્છા સંદેશા જોવા માટે હાજર નહીં રહે, જેઓ એક અવાજે માનતા હતા કે તેઓ ખરેખર 'ધ ગ્રેટેસ્ટ' હતા.

આ બધું ગઈકાલની જ વાત હોય એવું લાગે છે જ્યારે મેં મારી ડેબ્યૂ ટેસ્ટ ઇનિંગ્સમાં માત્ર 12 રન પર એક કમરની ઊંચાઈનો કેચ આપ્યો હતો અને તેમણે તે છોડી દીધો હતો. તેનાથી મને અડધી સદી (હાફ સેન્ચુરી) કરવામાં અને આગામી ટેસ્ટ માટે પ્લેઈંગ ઇલેવનમાં મારું સ્થાન જાળવી રાખવામાં મદદ મળી. ત્યાં પણ જ્યારે હું માત્ર 4 રન પર હતો ત્યારે તેમણે મારો કેચ ફરીથી છોડ્યો, જોકે આ તક અઘરી હતી અને ત્યારબાદ હું મારી પ્રથમ ટેસ્ટ સદી ફટકારવામાં સફળ રહ્યો. તેથી, હું મારા કરિયરની શરૂઆત માટે 'ધ ગ્રેટેસ્ટ'નો ઋણી છું, જેમનો મેદાન પર તે ખરાબ દિવસ હતો, તે સમયમાં મેદાન પર તેમનો ખરાબ દિવસ ભાગ્યે જ જોવા મળતો.

તે જ વર્ષે પાછળથી, મને ઓસ્ટ્રેલિયામાં પાંચ 'ટેસ્ટ' રમવા માટે 'રેસ્ટ ઓફ ધ વર્લ્ડ' ટીમમાં પસંદ થવાનું સદભાગ્ય અને ગૌરવ મળ્યું. તે એક એવો અનુભવ છે જે હું હંમેશાં યાદ રાખું છું, કારણ કે તેનાથી મને



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

'ધ ગ્રેટેસ્ટ'ની સાથે રહેવાની અને કટોકટીની પરિસ્થિતિમાં તેઓ કેવી રીતે તૈયારી કરતા હતા અને તેમનો સ્વભાવ કેવો હતો તે ખૂબ નજીકથી જોવાની તક મળી. કોઈ પણ પરિસ્થિતિ તેમને ડગાવી શકતી ન હતી અને મેલબોર્નમાં 'રેસ્ટ ઓફ ધ વર્લ્ડ' માટે તેમની 254 રનની ઇનિંગ્સ, આધુનિક સમયના ક્રિકેટની સર્વશ્રેષ્ઠ ઇનિંગ્સમાંની એક હોવી જોઈએ.

કૃપા કરીને યાદ રાખો કે, સર ગારફિલ્ડ સૌથી ઝડપી બોલરો સામે પણ ક્યારેય થાઈ પેડ પહેરતા ન હતા. ક્રિકેટના મેદાન પર એવું કશું જ ન હતું જે તેઓ ન કરી શકે. તેઓ ખરેખર ક્રિકેટના અસલી ભગવાન હતા.

જ્યારે ICC તેની 50 ઓવરની વર્લ્ડકપ ટૂર્નામેન્ટના પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ માટે એક ટ્રોફીનું નામ આપવાનું વિચારી રહ્યું હતું, ત્યારે એક ત્રણ સભ્યોની સમિતિની નિમણૂક કરવામાં આવી હતી જેમાં ICCના CEO ઉપરાંત મિસ્ટર રિચી બેનો અને તત્કાલીન ICC ક્રિકેટ સમિતિના અધ્યક્ષ તરીકે હું પોતે સામેલ હતો. જો મને બરાબર યાદ હોય તો, CEO આ એવોર્ડનું નામ સર ડોન બ્રેડમેનના નામ પરથી રાખવા માંગતા હતા. એમાં કોઈ શંકા નથી કે સર ડોન અત્યાર સુધીના સૌથી મહાન બેટ્સમેન છે, પરંતુ આ એવોર્ડ પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ માટે હોવાથી, મેં સર ગારફિલ્ડ સોબર્સના નામનો પ્રસ્તાવ મૂક્યો, જેઓ બેટથી, બોલથી અને પોતાની ફિલ્ડિંગથી પણ મેચો જીતાડતા હતા. ફોન પર મીટિંગમાં જોડાયેલા રિચી બેનો તરત જ સહમત થઈ ગયા અને મીટિંગ મિનિટોમાં જ પૂરી થઈ ગઈ, કારણ કે રમતના ઇતિહાસના આ સૌથી મહાન ખેલાડીની સામે દલીલ કરવાનો કોઈ અર્થ જ નહોતો.

સર ગારફિલ્ડ આપણને શારીરિક રીતે છોડીને ચાલ્યા ગયા છે, પરંતુ તેઓ તેમના સંપર્કમાં આવેલા તમામ લોકો માટે અને જેઓ ફક્ત તેમને મેદાન પર ઉતરતા જોવા માટે ગ્રાઉન્ડ પર આવતા હતા તે બધા માટે અદ્ભુત યાદોનો એક મોટો ખજાનો છોડી ગયા છે. તે ભગવાન માટે અને દુઃખની વાત એ છે કે આપણા પૃથ્વી પરના મનુષ્યો માટે પણ એક અદભુત દ્રશ્ય હતું, હવેથી ફક્ત ઉપરના દેવતાઓ જ તેમની મેદાન પરની એ મનમોહક ચાલનો આનંદ માણી શકશે.

ઈશ્વર 'ધ ગ્રેટેસ્ટ'ના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે.

# આજની નિર્ણાયક મેચમાં રોહિત શર્મા પર રહેશે નજર

**સિરીઝ** ડિસાઇડર મેચ પહેલાં પૂર્વ કેપ્ટનની ફોર્મ અને ભવિષ્યને લઈને ચર્ચાઓ

**જોફ્રા** આર્ચરનો સામનો કરવાનો રહેશે મોટો પડકાર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 3.30 વાગ્યાથી



લંડન, તા. 18 (પીટીઆઈ): ઈંગ્લેન્ડ સામે રવિવારે રમાનારી શ્રેણીની નિર્ણાયક ત્રીજી વનડે મેચમાં તમામ નજર રોહિત શર્મા પર રહેશે. રોહિતના ભવિષ્યને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે બીસીસીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે આ તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ નથી, પરંતુ પ્રથમ બે મેચમાં સંઘર્ષ કર્યા બાદ 39 વર્ષના રોહિતે પોતાની લય સાબિત કરવી પડશે. કાર્ડિફની મુશ્કેલ પિચ બાદ લોર્ડ્સની બેટિંગ ફ્રેન્ડલી પિચ પર રોહિત પોતાની જૂની શૈલીમાં પાછા ફરવાનો પ્રયત્ન કરશે, જ્યાં તેની સામે જોફ્રા આર્ચરનો સામનો કરવો મોટો પડકાર હશે. બીજી તરફ, કેપ્ટન શુભમન ગિલ પણ આ મેચમાં મોટી સદી ફટકારવા માટે ઉત્સુક હશે.

રોહિતના સંઘર્ષથી વિપરીત વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. જોકે, પાછલી મેચમાં તે આર્ચરનો શિકાર બનતા મિડલ ઓર્ડર ખોરવાઈ ગયો હતો. બીમાર કેએલ રાહુલના સ્થાને રમેલા ઈશાન કિશન અને અન્ય બેટર્સ શોર્ટ બોલ સામે અસહજ દેખાયા હતા, જ્યારે શ્રેયસ અય્યરે આદિલ રાશિદ સામે આત્મવિશ્વાસપૂર્વક બેટિંગ કરી છે. બોલિંગ વિભાગમાં, વોશિંગ્ટન સુંદરની હેમસ્ટ્રિંગ ઈજાના કારણે કુલદીપ યાદવને તક મળી શકે છે.

# સિંધુ જાપાન ઓપનની ફાઈનલમાં

**વર્તમાન** ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈ મેચની વચ્ચેથી ઈજાના કારણે ખસી ગઈ હતી

**તે સમયે** સિંધુ 21-19, 15-10થી આગળ ચાલી રહી હતી

**સિંધુ** 2 વર્ષથી વધુ સમય પછી કોઈ મોટી ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી



ટોક્યો, તા. 18 (પીટીઆઈ): ટોક્યોમાં રમાઈ રહેલી જાપાન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતની બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પી વી સિંધુએ શાનદાર પ્રદર્શન કરીને વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

શનિવારે રમાયેલી સેમિફાઈનલ મેચમાં ચીનની વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈ મેચની વચ્ચેથી ઈજાના કારણે ખસી જતાં સિંધુને વિજેતા જાહેર કરવામાં આવી હતી. જ્યારે ચેન યુફેઈને હેમસ્ટ્રિંગની ઈજા થઈ ત્યારે સિંધુ 21-19, 15-10થી આગળ ચાલી રહી હતી. સિંધુ 2 વર્ષથી વધુ સમય પછી કોઈ મોટી ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી છે. આ પહેલાં તેણે 2024માં સૈયદ મોદી ઈન્ટરનેશનલ ટાઈટલ જીત્યું હતું.

આ રોમાંચક મેચમાં વિશ્વની 12 નંબરની ખેલાડી સિંધુએ શરૂઆતથી જ આક્રમક રમત બતાવી હતી. પ્રથમ ગેમમાં સિંધુએ 11-7 ની લીડ મેળવી હતી, પરંતુ ચેને વાપસી કરીને સ્કોર 18-18 બરાબર કરી દીધો હતો. આ દરમિયાન બંને વચ્ચે 51 શૉટ્સની લાંબી રેલી પણ જોવા મળી હતી. જોકે, સિંધુએ દબાણમાં શાનદાર સ્મેશ મારીને પહેલી ગેમ 21-19 થી જીતી લીધી હતી. બીજી ગેમમાં પણ સિંધુએ 15-10 ની લીડ બનાવી રાખી હતી, જે દરમિયાન ચેને મેડિકલ ટાઈમઆઉટ લીધો અને બાદમાં મેચ અધવચ્ચે જ છોડી દીધી હતી. રવિવારે રમાનારી ફાઈનલ મેચમાં સિંધુનો સામનો જાપાનની અકાને યામાગુચી સામે થશે.

# વર્લ્ડકપ ફોર્મેટમાં ફેરફારની એસોસિએટ દેશો અને WCA દ્વારા ટીકા

**ICCના** નિર્ણયમાં પારદર્શિતાના અભાવ અને ખેલાડીઓ સાથે ચર્ચા ન કરવા બદલ ઉઠ્યા સવાલો

**એસોસિએટ** દેશોએ નાના દેશોના ક્રિકેટના વિકાસમાં આ નિર્ણય અવરોધ સમાન ગણાવ્યો



દુબઈ, તા. 18 (પીટીઆઈ): આગામી વર્ષે રમાનારા 14 ટીમોના વનડે વર્લ્ડકપના ફોર્મેટમાં ફેરફાર કરવાના ICCના નિર્ણયની એસોસિએટ દેશો અને વર્લ્ડ ક્રિકેટર્સ એસોસિએશન (WCA) દ્વારા તીવ્ર આલોચના કરવામાં આવી છે.

WCAએ જણાવ્યું કે આ નવું ફોર્મેટ અગાઉ ખેલાડીઓને અપાયેલી તકોને મૂળભૂત રીતે બદલી નાખે છે. દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનારા 2027ના વર્લ્ડ કપમાં 12, 13 અને 14મા ક્રમની ટીમો વચ્ચે 'સુપર સિરીઝ' રમાશે, જેમાંથી માત્ર 1 ટીમ જ રાઉન્ડ 2માં આગળ વધશે. રાઉન્ડ 2માં 6-6 ટીમોના 2 ગ્રુપ વચ્ચે 30 મેચ રમાશે. તેમાંથી આગળ વધીને સુપર 7 સ્ટેજમાં 21 મેચો રમાશે અને ટોચની 4 ટીમો સેમિફાઈનલમાં પ્રવેશશે.

WCAએ વેબસાઈટ પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, આવા મોટા માળખાકીય ફેરફારો કરતા પહેલાં ખેલાડીઓ કે હિતધારકો સાથે કોઈ સત્તાવાર ચર્ચા કે પારદર્શક સંવાદ કરવામાં આવ્યો નથી. ગ્લોબલ પ્લેયર્સ બોડીના આ નિવેદનને નેધરલેન્ડ્સ, સ્કોટલેન્ડ અને સહ-યજમાન નામિબિયાના કેપ્ટનોએ પણ ટેકો આપ્યો છે.

નામિબિયાના કેપ્ટન ગેરહાર્ડ ઈરાસ્મસે કહ્યું કે, એસોસિએટ દેશો માટે વર્લ્ડકપ માત્ર એક ટૂર્નામેન્ટ નથી, પરંતુ તેના પર ખેલાડીઓની કારકિર્દી નિર્ભર હોય છે. નેધરલેન્ડ્સના કેપ્ટન સ્કોટ એડવર્ડ્સે ICCની નીતિ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, એકતરફ ICC ક્રિકેટના વૈશ્વિક વિકાસની વાતો કરે છે અને બીજી તરફ આવા નિર્ણયોથી એસોસિએટ દેશો માટે વિશ્વની શ્રેષ્ઠ ટીમો સામે રમવાનું મુશ્કેલ બને છે. સ્કોટલેન્ડના સુકાની રિચી બેરિંગ્ટને પણ ઉમેર્યું કે ખેલાડીઓની કારકિર્દીને અસર કરતા નિર્ણયોમાં તેમની સલાહ લેવી જરૂરી છે. ન્યુઝીલેન્ડના વિશ્વના 1 નંબરના વનડે બેટર ડેરીલ મિશેલે પણ એસોસિએટ દેશોને સમાન તકો આપવાનું સમર્થન કર્યું છે.

# કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટનમાં મીરાબાઈ અને લવલીના ભારતના ધ્વજવાહક

**ઓલિમ્પિક** મેડલિસ્ટ મહિલા ખેલાડીઓને સન્માન મળવા બદલ IOA પ્રમુખ પીટી ઉષાએ ખુશી વ્યક્ત કરી



નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં ઓલિમ્પિક મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ અને લવલીના બોરગોહેન ભારતના ધ્વજ અને બેટન વાહક તરીકે જવાબદારી સંભાળશે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) દ્વારા શનિવારે આ જાહેરાત કરવામાં આવી હતી. આ મલ્ટી-સ્પોર્ટ્સ ઈવેન્ટનો ઉદ્ઘાટન સમારોહ 23 જુલાઈએ યોજાશે.

IOA અધ્યક્ષ પીટી ઉષાએ કહ્યું કે, ઉદ્ઘાટન સમારોહમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ બે મહિલા ખેલાડીઓ કરશે તે ગર્વની વાત છે. આ બંને ખેલાડીઓએ વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે અને હાલમાં તેઓ યુનાઈટેડ કિંગડમમાં આ ગેમ્સ માટે સખત ટ્રેનિંગ લઈ રહી છે.

વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ 2021ના ટોક્યો ઓલિમ્પિકમાં 49 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

# કિમી એન્ટોનેલીએ બેલ્જિયન ગ્રાં પ્રીમાં પોલ પોઝિશન મેળવી

**ઇટાલિયન** ડ્રાઇવરે પિતાને જન્મદિવસની ભેટ આપી

**રેડ** બુલ અને મેકલેરનની ટીમો પાછળ રહી ગઈ



સ્પા-ફ્રેનકોર્ચેમ્પ્સ (બેલિજિયમ), તા. 18 (એપી): મર્સિડીઝના ડ્રાઈવર કિમી એન્ટોનેલીએ શનિવારે શાનદાર પ્રદર્શન કરીને બેલ્જિયન ગ્રાં પ્રી માટે પોલ પોઝિશન મેળવી લીધી છે, જે તેના ફોર્મ્યુલા 1 ટાઇટલ જીતવાના અભિયાનને મજબૂત બનાવશે. તેણે રેડ બુલના મેક્સ વર્સ્ટાપેનને 0.317 સેકન્ડથી હરાવીને આ સ્થાન મેળવ્યું હતું અને આ સિદ્ધિ શનિવારે 61 વર્ષના થયેલા તેના પિતા માર્કોને જન્મદિવસની ભેટ તરીકે સમર્પિત કરી હતી. વર્સ્ટાપેનને તેના સાથી ખેલાડી ઈસાક હાડજાર તરફથી મદદ મળી હોવા છતાં તે બીજા ક્રમે રહ્યો હતો અને તેણે સ્વીકાર્યું કે રેસની પરિસ્થિતિમાં મર્સિડીઝનો સામનો કરવો મુશ્કેલ રહેશે.

બીજી તરફ, મેકલેરનના લેન્ડો નોરિસને ગ્રીડ પેનલ્ટી મળતા તે 10 સ્થાન પાછળ ધકેલાઈ ગયો છે, જેથી એન્ટોનેલીનો સાથી ખેલાડી જ્યોર્જ રસેલ હવે ત્રીજા સ્થાનેથી રેસ શરૂ કરશે.

રસેલે 19 વર્ષના ઈટાલિયન ડ્રાઈવર એન્ટોનેલીની ગતિ સાથે મેચ કરવામાં મુશ્કેલી અનુભવી હતી. બ્રિટિશ ગ્રાં પ્રી જીતનારી ફેરારી ટીમ માટે આ દિવસ નિરાશાજનક રહ્યો હતો, જેમાં ચાર્લ્સ લેક્લર્ક અને લુઈસ હેમિલ્ટન અનુક્રમે પાંચમા અને છઠ્ઠા સ્થાને રહ્યા હતા. હેમિલ્ટનની કાર પ્રેક્ટિસ દરમિયાન ક્રેશ થયા બાદ માંડ તૈયાર કરવામાં આવી હતી.

# અફવાઓ પર વિરામ બાદ રોહિત-ગંભીર સાથે દેખાયા



લંડન, તા. 19: હેડિંગ: ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી વનડે મેચ દરમિયાન અહેવાલો આવ્યા હતા કે રોહિત શર્મા સંન્યાસ લેવા જઈ રહ્યો છે. લોર્ડ્સના મેદાન પર બંને ટીમો વચ્ચે વનડે સિરીઝની છેલ્લી મેચ રોહિતની કારકિર્દીની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ હશે. મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે રોહિતને જણાવી દીધું છે કે આ સિરીઝ પછી ટીમમાં તેમની પસંદગી કરવામાં આવશે નહીં. જોકે, BCCI એ આ તમામ વાતોને માત્ર અફવા ગણાવીને ફગાવી દીધી હતી.

ત્યારબાદ ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે મેચ પહેલા ટીમ ઈન્ડિયા લોર્ડ્સના મેદાન પર પ્રેક્ટિસ કરવા પહોંચી હતી. આ દરમિયાન રોહિત શર્મા મુખ્ય કોચ ગૌતમ ગંભીર તેમજ સપોર્ટ સ્ટાફના અન્ય સભ્યો સાથે લોર્ડ્સની બાલ્કનીમાં જોવા મળ્યો હતો. આ સમયે રોહિત અને ગંભીર વચ્ચે હસી-મજાક પણ થતી જોવા મળી રહી હતી.

## આજનું પંચાંગ

**તા. 19/07/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: છઠ : 27:31, કુમાર છઠ્ઠી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 28
**યોગ :** પરીઘ **કરણ:** કૌવલ **નક્ષત્ર :** ઊ.ફા.:18:12
**રાશિ:** કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** શુભ - કસુંબા ષષ્ઠી
**સુરતમાં સૂર્યોદય :** 06:08 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21 **નવકારસી :** 06:56
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુકાળ:** સાંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કાયદા કાનૂન બાબતે સાવધાની રાખવી. હિતશત્રુ સક્રિય થાય. તમારા સરળ સ્વભાવનો દૂરુપયોગ થઇ શકે.

**વૃષભ (બ,વ,ઉ,):** અનુશાસનમાં રહેવાથી સહકાર મળે. પ્રેમ પ્રકરણમાં લાગણીઓ પર કાબૂ રાખવો. સામાજિક સંબંધો મજબૂત બને.

**મિથુન (ક,છ,ઘ,):** સામાજિક સંબંધો વધે. વિવાહિત બાબતે અનુકૂળતા રહે. તમારો વ્યાવહારિક અભિગમ બીજાને પ્રભાવિત કરે.

**કર્ક (ડ,હ,):** સર્જનાત્મક કાર્યમાં યશ મળે. ઇચ્છિત કાર્ય સફળ બને. સમાજ પરિવાર જીવનમાં પ્રભાવ વધશે.

**સિંહ (મ,ટ,):** વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહે. સામાજિક જીવનમાં સંબંધો મજબૂત બને. આવક વધારવાની તક.

**કન્યા (પ,ઠ,ણ,):** કાર્યસ્થાળ પર ઇચ્છિત ફેરફાર થાય. હરીફાઈયુક્ત પરીક્ષામાં સફળતા મળે. પ્રવાસમાં સાવધાન.

**તુલા (ર,ત,):** વિવાદ વધશે માટે ધીરજ રાખવી હરીફો ઉશ્કેરવાની કોશિશ કરશે. માનસિક અશાંતિ વધે.

**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. નવા વિચારોથી નવી તક મળે. પ્રેમમાં ભાવનાત્મક રહેશો. સંતાનોનાં કામ થાય

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આર્થિક અને કેરિયર બાબતે દિવસ અનુકૂળ રહેશે. નવા પ્રોજેક્ટમાં કામ કરવાનું મળે. સ્વાર્થીથી સાવધાન.

**મકર (ખ,જ,):** દાંપત્યજીવનમાં તાલમેળરહે. નવી જવાબદારી નિભાવવાથી યશ મળે. અટકેલાં કામમાં ગતિ આવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આળસ અને બેદરકારીથી સાવધાન રહેવું. દોડધામ અને વ્યસ્ત દિવસ રહે. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** જીવનસાથીની આરોગ્યની ચિંતા સતાવે. સામાજિક પ્રસંગમાં જવાનું બને. વિદેશથી શુભ સમાચાર.

## કોઈ પણ સાલમાં 19 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નવી ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે. નોકરી-ધંધામાં કાર્યબોજની સાથે પ્રગતિ અને અનુકૂળતા વધશે. આર્થિક બાબતે પ્રગતિ થાય.ઉઘરાણી આવે નવાં રોકાણ થાય. સમાજમાં યશ મળે. સંતાનોનાં કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ અને મદદથી બોજ ઓછો થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. હરીફાઈમાં સફળતા મળે. આવક વધારવાની તક મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન બાબતે વડીલો મિત્રોની મદદ મળે. યાત્રા પ્રાવસ ધર્મકર્મ થાય. જુલાઈ-ઓગસ્ટ, રવિ, સોમવાર, 01, 10, 28 તારીખે, નવા કામ કરવા સોનેરી, કથ્થઇ, ભૂરા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર-ડિસેમ્બર શુક્ર શનિવાર 7,16, 25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય ઉપાસના કરતા રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### શરીરની ગાંઠ

ગાંઠ થાય એટલે મનમાં ચિંતા પેસે છે. ચક્રમર્દ , કુંવાડીઓના બીજ થોરના દૂધમાં કલાક ભીંજવીને સહજ પોચા પડે એટલે ગૌમૂત્ર સાથે વાટી લેપ ગાંઠ પર રોજ લગાડવો.